Extra No. 193

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, JULY 20, 2026 / ASADHA 29, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No: KHD/MAG/e-file/450/2026/2252/MAG BRANCH.-હરીયાળા-ખેડા-રઢવાણજ રોડ પર કિ.મી. ૩૩/x૩૦ થી ૪૨/૧૮૦ વચ્ચે આવેલ ખેડા ખાતે વાત્રક નદી ઉપર (કિ.મી.૩૫/૨૩૦) સ્થિત મેજર બ્રિજની સંયુક્ત તપાસણી બાદ, જાહેર સલામતીના હેતુસર તથા તકેદારીના ભાગરૂપે સદર બ્રિજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવા તેમજ તે ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા બાબત કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદાનાઓએ પોતાના તા.૧૯/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૯૩૨/૨૦૨૫ દ્વારા અત્રે દરખાસ્ત કરી હતી. ઉક્ત દરખાસ્તના અનુસંધાને અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદ પાસેથી જરૂરી તપાસ કરાવી અહેવાલ મેળવવામાં આવેલ હતો. ત્યારબાદ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૬ સુધી ઉપર મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું બ્રીજના સમારકામ/મજબૂતીકરણની વધુ કામગીરી તથા જાહેર સલામતીના હેતુસર સદર બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર છ (૦૬) માસ માટે બંધ કરી તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૦૪/૦૭/૨૦૨૬ જા.નં.:સોબી/૧૮૫૦/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગો ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ (જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૫/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૧/૨૦૨૭ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદી જુના રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જતો વાહન વ્યવહાર.

2) હરીયાળા ગામ થી વાત્રક નદી ઉપરના જુના રોડ બ્રીજ થઈ ખેડા ચોકડી, ખેડા શહેર તરફ આવતો વાહન વ્યવહાર.

(B) ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદી જુના રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જતો ભારે વાહન વ્યવહાર,

- ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદીના નવા રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જઈ શકાશે.

2) હરીયાળા ગામ થી વાત્રક નદી ઉપરના જુના રોડ બ્રીજ થઈ ખેડા ચોકડી, ખેડા શહેર તરફ આવતો ભારે વાહન વ્યવવહાર.

- હરિયાળા ગામ થી વાત્રક નદી ઉપરના નવા રોડ બ્રીજ ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૧૪/૦૭/૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No: KHD/MAG/e-file/450/2026/2253/MAG BRANCH.-ખેડા-માતર-તારાપુર રોક ક મા ૫૫/૨૦૦ થી ૮૪/૦૦ પર હા માતે (કિ.મી.૫૫/૪૦૦) શેઢી નદી પર આવેલ મેજર બ્રીજ વર્ષો જુનો હોય, જેથી જાહેર જનતાની સલામતીના ભાગરૂપે સદર બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર બંધ કરી સંદર ટ્રાફિકને અન્ય માર્ગો પર ડાઈવર્ઝન આપવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૮૯૩/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મેળવી તા. ૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી ઉપર મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું બ્રીજના સમારકામ/મજબૂતીકરણની વધુ કામગીરી તથા જાહેર સલામતીના હેતુસર સદર બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર છ (૦૬) માસ માટે બંધ કરવા તથા તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૦૪/૦૭/૨૦૨૬ ના પત્ર જા.નં.:સીબી/૧૮૫૦/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના -જાહેરમાર્ગો ઉપર ભારે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર -થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૫/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૧/૨૦૨૭ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) ખેડા શહેરથી ખેડા ચોકડીથી સોખડા, ખોડીયાર ચોકડી, માતર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

2) માતર, ખોડીયાર ચોકડી થઈ સોખડા, ખેડા ચોકડી થઈ ખેડા શહેર તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) ખેડા શહેરથી ખેડા ચોકડીથી સોખડા, ખોડીયાર ચોકડી, માતર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

- ખેડા શહેરથી ખેડા ચોકડી થઈ વાત્રક નદી બ્રિજ, હરીયાળા ગામ, ધોળકા ચોકડી બ્રિજના સર્વિસ રોડથી ડાબી બાજુ વળી ને.હા.નં.૪૮ ઉપર ખોડીયાર ચોકડી સર્વિસ રોડ બ્રિજ નીચે થી જમણી બાજુ વળી માતર, તારાપુર તરફ જઈ શકાશે.

2) માતર, ખોડીયાર ચોકડી થઈ સોખડા, ખેડા ચોકડી થઈ ખેડા શહેર તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર.

- માતર ખોડીયાર ચોકડી ને.હા.નં.૪૮ ઉપર રોડ બ્રિજ સર્વિસ રોડ થી ડાબી બાજુ વળી, ધોળકા ચોકડી સર્વિસ રોડ બ્રિજ નીચે થી જમણી બાજુ વળી હરીયાળા ગામ, વાત્રક બ્રિજ, ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકારો.

- માતર ખોડીયાર ચોકડી ને.હા.નં.૪૮ ઉપર બ્રિજ નીચે થી જમણી બાજુ વળી સર્વિસ રોડ થઈ રઘવાણજ ટોલ રોડ, રઘવાણજ ચોકડી રોડ બ્રિજ સર્વિસ રોડ થી ડાબી બાજુ વળી, રતનપુર ગામ, શેઢી નદી, ખેડા શહેર તરફ જઈ શકાશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોત્ર બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૧૪/૦૭/૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 13:52:14 IST